જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૦૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી ૬૦ વ્યક્તિઓને ઝડપી ૭૧૬ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૯૩ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ, અને ૬૩ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૮૨,૧૫૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૧૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ\બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૮૧૧/૧૪**

**દાણીલીમડા :** દાણીલીમડા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની તરૂણીની માતાએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૧૪ સવારનાં ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મનુ રામજીભાઇ(રહે.કાંકરીયા યાર્ડ) પોતાની પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી, તરૂણીને કાંકરીયા યાર્ડ તેમજ દાહોદ મુકામે લઇ જઇ તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૮૧૨/૧૪**

**ચાંદખેડાઃ** મીનાબહેન શિવાભાઈ ગજ્જર (ઉ.વ.૧૫)(રહે.જગનાળા તલાવડીના છાપરાં સ્નેહ પ્લાઝા ચાર રસ્તા પાસે ચાંદખેડા) ને તા.૧૪/૧૧/૧૪ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પાડોશી આરોપી ઈશ્વરભાઈ જગુજી ગજ્જર લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મીનાબહેનના પિતા શિવાભાઈ ગજ્જરે તા.૧૫/૧૧/૧૪ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પોઇ. શ્રી કે કે દેસાઈ ચલાવે છે

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૮૧૩/૧૪**

**ઈસનપુરઃ** તેજેન્દ્રસિહ જગદીશસિહ ચુડાસમા (રહે.ઝાંઝર બંગલોઝ) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૪ સવારના ૮/૧૫ થી ૧૦/૫૦ વાગ્યા દરમ્યાન નારોલ ચાર રસ્તા પાસે સેન્ટ્રલ નિશાન નામના સર્વિસ સ્ટેશન નજીક પાર્ક કરેલ પોતાની સીડેન કાર નંબર જીજે આરબી કિમત રૂપિયા ૭,૨૬,૦૦૦/- અજાણ્યા બે પુરૂષ ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી રાતડા ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** જીતેન્દ્રભાઇ રમણીકભાઇ કારીયા (રહે. ગ્રીનપાર્ક એપાર્ટમેન્ટ સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૧૨/૧૧/૧૪ રાતના ૯/૩૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની વેગન આર કાર નંબર જીજે ૧ એચએમ ૧૫૬૧ કિમત રૂપિયા ૧,૯૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૧૧/૧૪ સવારના ૬/૪૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જીતેન્દ્રભાઇ કારીયાએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે ભગોરા ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** ગુલામગૌસ ગુલામઅહમદ શેખ (રહે. સીધીવાડ જમાલપુર) એ તા.૧૨/૧૧/૧૪ બપોરના ૧૨/૦૦ વાગે ગોળલીમડા મ્યુનિસીપલ કોઠાના દરવાજા નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ બીયુ ૧૬૯૯ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બે કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ગુલામગૌસ શેખે તા.૧૫/૧૧/૧૪ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી જી રબારી ચલાવે છે.

<u>**આત્મહત્યા :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૮૧૪/૧૪**</u>

**સોલા હાઈકોર્ટઃ** મોનિકાબહેન જયેશભાઈ પુરાણીક (ઉ.વ.૩૧)(રહે.વંદે માતરમ શુકન રેસીડન્સી ફ્લેટ ગોતા) એ તા.૧૫/૧૧/૧૪ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણસર પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી કે અસોડા ચલાવે છે.

**એલીસબ્રીજ :** સતીષ નાગપ્પા (ઉ.વ.૩૫)(રહે.વાલમ ફ્લેટ મનહરનગર ખોડીયારનગર) એ તા.૧૫/૧૧/૧૪ બપોરનાં ૧/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે એલીસબ્રીજ નીચે, નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.